# ચિત્રલેખા

chitralekha.com

૧૯૫૦થી
સદા અગ્રેસર

૧૦ ડિસેમ્બર, ૨૦૧૮ | ₹૩૦

અમે દિવ્યાંગ નથી, માનસિક રીતે બળવાન છીએ...
ગુજરાતની અનોખી સુપર કિડ્સ સ્કૂલ

આમ ઊજવાશે રાજકોટમાં પૂજ્ય પ્રમુખસ્વામીની ૯૮મી જન્મજયંતી



## કૂડા-કચરામાંથી સેવા-સંપત્તિનો ગુણાકાર સર્જે છે આ યુવાન

રિસાઈકલમૅન ઑફ ઈન્ડિયા તરીકે દેશ-પરદેશમાં જાણીતા ડૉ. બિનિશ દેસાઈની પ્રેરક કથા.



# કચરાને ધંધે લગાડે છે આ જાદુગર...

દુનિયાનું સૌથી સસ્તું ઘર બનાવવાની ઘેલછામાં આ ગુજરાતી વિદ્યાર્થીએ પ્રદૂષણ ફેલાવતા ઔદ્યોગિક કચરાને એવો તો કામે લગાડ્યો કે ઉદ્યોગપતિઓ હવે ઈન્ડસ્ટ્રિયલ વેસ્ટને કમાણીના સાધન તરીકે જોતાં થઈ ગયા છે. વલસાડના **બિનિશ દેસાઈ**ની આ 'કચરાકથા' જાણવા જેવી છે.

**સમીર પાલેજા** (મુંબઈ)

**આ** ***દરણીય અબ્દુલ કલામસાહેબ,***

*જત જણાવવાનું કે મેં જુદા જુદા ઔદ્યોગિક કચરાને ભેગો કરીને એમાંથી ઈંટો બનાવવાની રીત શોધી છે. સામાન્ય કરતાં બે ગણી મોટી આવી ઈંટ અડધી કિંમતમાં પડે છે. હું માનું છું કે ગ્રામીણ ભારતમાં જાજરૂ ને સસ્તાં ઘર બનાવવા માટે આ ઈંટોનો ઉપયોગ ઘણો ખર્ચ બચાવી શકે. મેં આ સિવાય પણ ઘણી જાતના ઈન્ડસ્ટ્રિયલ વેસ્ટનું ઉપયોગી પદાર્થમાં રિસાઈકલિંગ કરવાની રીત શોધી છે. આ બાબતે આપના માર્ગદર્શનની આશા રાખું છું.*

***લિ. બિનિશ દેસાઈ*** *(વલસાડ, ગુજરાત)*

૨૦૧૧માં વલસાડના એક વિદ્યાર્થીનો આવો પત્ર મળતાં જ ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામની આંખ ચમકે છે. કલામસર આ વિદ્યાર્થીને તરત જ પુણેમાં યોજાનારા *ઈન્ક્લુઝિવ ઈનોવેશન કૉન્ક્લેવ*માં ભાગ લેવાની સવલત કરી આપે છે.

૧૭-૧૮ વર્ષનો બિનિશ પુણે પહોંચીને પોતાની શોધ વિશે પ્રેઝન્ટેશન આપે છે. પછી પ્રેક્ષકોને અપીલ કરે છેઃ

'દોસ્તો, એક સ્ટાર્ટ-અપના સંચાલક તરીકે મને તમારી પાસેથી ઈન્વેસ્ટમેન્ટ નહીં, પણ ઑર્ડર્સ જોઈએ છે. હું આ ઈંટથી ટોઈલેટ કે ઘર બાંધી આપીશ. અડધી રકમ ઍડ્વાન્સ આપશો તો મોટી મહેરબાની.'

કોઈ હસ્યું, કોઈએ આ લવરમૂછિયાને અવગણ્યો તો કોઈએ ગમ્મત ખાતર પણ ઑર્ડર આપ્યો.

*બચ્ચા, મારા ફાર્મ હાઉસમાં એક ટોઈલેટ બનાવી આપ કે પછી અમારા ચોકીદારની કૅબિન તારી ઈંટમાંથી બનાવી આપજે...* જેવા અમુક ઑર્ડર મળ્યા ને સાથે જે ઍડ્વાન્સ રકમ મળી એમાંથી બિનિશે પારડીમાં ભાડે જગ્યા લીધી. અમુક મજૂરોને ટ્રેનિંગ આપી ને મચી પડ્યો ઈંટ બનાવવા...

□ □ □

**આજની** તારીખે બિનિશ દેસાઈ પચાસથી વધુ ઈન્ડસ્ટ્રિયલ વેસ્ટમાંથી ૧૫૦ જેટલી ઉપયોગી આઈટેમ બનાવે છે. આવી પ્રક્રિયાના ૧૯ જેટલા પૅટન્ટ એના નામે નોંધાયેલા છે. અમુક કંપનીના ઍડ્વાઈઝરી બોર્ડમાં બિનિશને એટલા માટે સામેલ કરવામાં આવ્યો છે કે પર્યાવરણને લાભ થાય એ રીતે ઔદ્યોગિક કચરાનું રિસાઈકલિંગ કરવામાં એની હથોટી છે. બિનિશ એક મુખ્ય કંપની ઈકો ઈક્લેટેડ ટેક્નોલૉજી સહિત છ કંપનીનો માલિક-સંચાલક પણ છે. દક્ષિણ ગુજરાતનાં કેટલાંક ગામે એનાં નાનાં પ્રોડક્શન યુનિટ છે, જેમાં સ્થાનિક બહેનો-મજૂરો કચરામાંથી કામની ચીજો બનાવીને પેટિયું રળે છે. બસ્સો જેટલા લોકોને એના થકી રોજગાર મળે છે. કચરાને કામે લગાડવાના કામમાંથી રોજગારીનું સર્જન કરવામાં નોંધનીય સફળતા મેળવવા બદલ માર્ચ, ૨૦૧૮માં વિશ્વપ્રસિદ્ધ *ફોર્બ્સ* મૅગેઝિને એને ત્રીસ વર્ષથી ઓછી વયના સૌથી વધુ સફળ સોશિયલ આન્ત્રપ્રેન્યૉર્સની યાદીમાં સ્થાન આપ્યું. એ પહેલાં બિનિશને અમેરિકાની *કેઈઆઈએસઆઈઆઈ* નામની યુનિવર્સિટીએ માનદ ડૉક્ટરેટની ડિગ્રીથી નવાજ્યો પણ છે.

પર્યાવરણ સુધાર, રોજગાર સર્જન તથા આર્થિક વિકાસમાં મદદરૂપ બની શકે એવાં કંઈક આઈડિયાઝ, વિઝન ને પ્લાન આંખોમાં ભરીને મુંબઈ આવેલો વલહાડનો પોયરો બિનિશ દેસાઈ રવિવાર, બે ડિસેમ્બરે મુંબઈના પ્રસિદ્ધ *એનએસસીઆઈ*ના *ધ ડોમ ઑડિટોરિયમ*માં જગપ્રસિદ્ધ *ટેડેક્સગેટ-વે* અર્થાત્ *ટેડ ટૉક*માં પોતાનાં સંઘર્ષ-સફળતાની કથા એક વક્તવ્ય તરીકે રજૂ કરશે.


*ટેડ ટૉક* માટેના રિહર્સલમાંથી સમય ચોરીને બિનિશ દેસાઈ *ચિત્રલેખા*ને એની આ સફર વિશે જણાવે છેઃ

'એક વાર સ્કૂલની બેન્ચ પર બેઠો એમાં પૅન્ટ પર ચ્યુઈંગ ગમ ચોંટી ગઈ. મેં કાગળથી ખેંચી કાઢી. ચાલુ ક્લાસે તો ફેંકાય નહીં. થોડી વારે જોયું તો એ






**કાગળની નકામી લૂગદી અને ચ્યુઈંગ ગમ સહિત આઠ પ્રકારના ઔદ્યોગિક કચરામાંથી ઈંટ બને. એ ઈંટોથી ટોઈલેટનું નિર્માણ.**






**વેસ્ટમાંથી બેસ્ટઃ પ્લાયવૂડ, મોબાઈલ કવર, ક્લૉક અને લૅમ્પ જેવી અનેક વસ્તુ ઔદ્યોગિક કચરામાંથી બનાવે છે આ યુવાન...**





એકદમ કઠણ દડા જેવી બની ગયેલી. ઘરે આવીને ફરી ચ્યુઈંગ ગમ, નકામા કાગળમાં મમ્મીનો ટેલકમ પાવડર નાખીને લૂગદી બનાવી. મગજમાં બત્તી થઈ એટલે આવા નકામા પદાર્થ મિક્સ કરીને ધાણા રાખવાના ડબ્બામાં ઠાંસોઠાંસ ભરી દીધા. ચ્યુઈંગ ગમે બાઈન્ડિંગનું કામ કર્યું ને બની ગઈ ઈંટ!'

બિનિશ અહીં ઉમેરે છે કે સ્કૂલમાં *સ્લમ* એટલે *ઝૂંપડપટ્ટી* શબ્દ સાંભળેલો ત્યારે સમજાયેલું કે ઘર બનાવવાના કે ખરીદવાના પૈસા ન હોવાથી એ લોકો ઝૂંપડામાં રહે છે. મને થયું, પેપર અને ચ્યુઈંગ ગમના વેસ્ટમાંથી ઈંટ બનાવીએ તો એમાંથી અત્યંત સસ્તા ઘરનું નિર્માણ થઈ શકે.

કચરામાંથી સસ્તી, છતાં મજબૂત ઈંટ બનાવવાના પ્રયોગમાં મચી પડેલા બિનિશને *રોટરી યૂથ*ના *સ્ટુડન્ટ્સ એક્સચેન્જ પ્રોગ્રામ* હેઠળ એક વર્ષ અમેરિકા ભણવાની તક મળી. શિકાગોના કોઈ પરામાં સ્થાનિક પરિવાર સાથે રહ્યો. ભણ્યો-ગણ્યો, ફર્યો-મિત્રો બનાવ્યા, ઈનોવેટર-શોધકર્તા તરીકે ઓળખ મેળવી ને વેસ્ટ પ્રોડક્ટમાંથી ઈંટ બનાવવાના પૅટન્ટ પણ લીધા. અમેરિકામાં બિનિશે બારમા ધોરણની પરીક્ષા પાસ કરી. પછી વલસાડ આવતાં જ યક્ષપ્રશ્ન ખડો થયોઃ

*એન્જિનિયરિંગ... મેડિકલ કે પછી કાળી વરદીવાળો વકીલ?*

*- એકેય નહીં, હું તો છે ને...*

*ભલે, તો તારી વાત તું જાણે દીકરા. હા, ક્યાંક અટકીશ તો મદદ જરૂર કરીશ.*

બિનિશે આગળ ભણવાને બદલે ઔદ્યોગિક કચરામાંથી ઉપયોગી ચીજો બનાવવાનો ઉદ્યમ શરૂ કરવાની વાત મૂકી એટલે પિતા રાજીવ ને માતા પારુલબહેનને ન ગમ્યું. કારણ એ કે અમેરિકા રિટર્ન બિનિશ પાસે હરખ કરવા આવનારા દરેક સ્નેહીજન એમ જ કહેતા કે સું કે'*તો છે પોયરો? કચરાના ધંધામાં કંઈ હાથ નખાતો છે?*

વલસાડમાં સાઈબાબાનાં મંદિરો બનાવવા માટે જાણીતા એવા પ્રખ્યાત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ભૂપેન્દ્ર દેસાઈ ઉર્ફે *માસાજી*નો પૌત્ર બિનિશ ઉકરડામાં હાથ નાખે એ નાતીલાઓને કેમ ગમે?

# આવી છે અવનવી પ્રોડક્ટ્સ

**બિનિશની** કંપની ટેક્સ્ટાઈલ વેસ્ટ કે સ્લજમાંથી પેવર બ્લૉક્સ ને સાઉન્ડપ્રૂફ પૅનલ પણ બનાવે છે. સેલોંમાં એકઠા થતા કપાયેલા માનવવાળમાંથી વિગ નહીં, પણ પ્લાયવૂડ જેવી શીટ પણ એણે બનાવી છે. કપડામિલના કચરામાંથી વિટ્રિફાઈડ ટાઈલ્સ બનાવવા માટે દહેજમાં એ ફૅક્ટરી નાખી રહ્યો છે. કળાત્મક ચીજો માટે ફર્નિચર ઈકોલાઈફ સ્ટુડિયો પણ વલસાડમાં તૈયાર થઈ ગયો છે. કૉફીના વપરાયેલા દાણામાંથી મગ (કપ) બનાવવાની પ્રક્રિયા તૈયાર છે.

બીજું તો ઠીક, જાન્યુઆરી, ૨૦૧૯માં બિનિશનાં લગ્ન છે તો એની કંકોતરી પણ વરરાજા અને વાગ્દત્તા ધ્રીતિએ રિસાઈકલ્ડ સીડ પેપરમાંથી બનાવી છે. પરિવારજનો પાસે હાથે લખાવી છે. કંકોતરીમાં કાગળના પડ વચ્ચે તુલસીનાં બીજ છે. આમંત્રિતો આ કંકોતરીને સીધી કૂંડામાં *વાવી* શકશે!




**વાગ્દત્તા ધ્રીતિ સાથેઃ અમારી તો કંકોતરી પણ છે લાખેણી!**

ખેર, નાતીલાઓએ આપેલી રોકડ ભેટ અને થોડી બચતમાંથી બિનિશે એક કંપની બનાવી.

સહેજ હસીને બિનિશ *ચિત્રલેખા*ને કહે છેઃ

‘છેવટે મેં સુરતની *શ્રી રામકૃષ્ણ ઈન્સ્ટિટ્યૂટ*માં બાયોટેક્નોલૉજીમાં ઍડ્મિશન લીધું. સવારે કૉલેજે જાઉં, બપોરે આવીને વાપીની પેપર મિલોમાં રખડું એ આશાએ કે કોઈ મને પેપર વેસ્ટ પણ આપે ને એમાંથી ઈંટ બનાવવા માટે જગ્યા પણ કરી આપે.’

બિનિશે આંકડા-માહિતી ભેગાં કરી રાખેલાં, જેમ કે ગુજરાતમાં ૧૨૦ પેપર મિલ છે, જેમાંની મોટા ભાગની વાપીમાં છે. છાપાં-કાગળની પસ્તીમાં ઈન્ક-શાહી હોવાથી રિસાઈકલિંગની પ્રક્રિયા ખર્ચાળ છે. સમજો કે ફક્ત ૪૦ ટકા નકામા કાગળનું જ રિસાઈકલિંગ થાય છે, બાકીનો માલ *પેપર સ્લજ* તરીકે લૅન્ડફીલ્ડ અર્થાત્ મહાઉકરડામાં જાય છે.

આખરે એક મિલમાલિક માન્યા. એમની ફૅક્ટરીના પાર્કિંગ લૉટ ને ગટરની વચ્ચેના નાનકડા લાંબા પટ્ટામાં બિનિશને ઈંટ બનાવવા જગ્યા આપી.

એક વર્ષ... સતત એક વર્ષ સવારે કૉલેજ, પછી ફૅક્ટરી ને રાત્રે ઘર. એમાં દોડાદોડી કરીને બિનિશે એકલે હાથે ૩૦૦૦ ઈંટ બનાવી. એ કહે છે કે પેપર સ્લજ, ચ્યુઈંગ ગમની ફૅક્ટરીનો કચરો જેવા કુલ આઠ પદાર્થ ચોક્કસ માત્રામાં ભેળવીને ઈંટો બનાવી. પછી લોખંડની પ્રિફેબ્રિકેટેડ જાળીમાં ઈંટો ગોઠવીને ૨૦૦ ચોરસ ફૂટનું ઘર બનાવ્યું, જેથી પુરવાર થયું કે આ ટેક્નોલૉજી દ્વારા સસ્તાં ઘર બનાવી શકાય.

વખત જતાં એણે ગ્રામીણ ક્ષેત્રમાં હજારેક જેટલાં ટોઈલેટ બાંધ્યાં. અમુક ઈન્વેસ્ટર્સે બિનિશની કંપનીમાં પૈસા રોક્યા, પણ એ સોદો...

બિનિશ કહે છેઃ

‘એમને એક રૂપિયાના ત્રણ રૂપિયા કરવામાં જ રસ હતો. સોશિયલ આન્ત્રપ્રેન્યૉરશિપના મારા વિઝન સાથે કોઈ લેવા-દેવા નહોતી. કંપની અત્યંત કમર્શિયલ બની ગઈ એટલે છૂટા પડવું પડ્યું. ૨૦૧૫ની એ વાત. રાતોરાત હું ધોવાઈ ગયો. મેં મારી શોધખોળના પૅટન્ટ સિવાય બધું ગુમાવ્યું. જો કે બીજી પચાસેક વેસ્ટ ચીજોમાંથી બેસ્ટ ચીજોનું સર્જન કરવાનું રિસર્ચ અગાઉથી કરી રાખેલું એટલે ત્રણ મહિનામાં નવી કંપની શરૂ કરી શક્યો. ગુમાવેલું ઘણું, પણ શાખ-ગુડવિલ તો હતી જ એટલે બેઠા થતાં વાર ન લાગી. જો કે એ નિષ્ફળતાએ મને શીખવ્યું કે *હું કંપની બનાવી શકું, પણ ચલાવી ન શકું.* આજે પણ કોઈ મને *બિઝનેસમૅન* કહે તો ગુસ્સો આવે છે. હું સોશિયલ આન્ત્રપ્રેન્યૉર છું, બિઝનેસમૅન નહીં.’

જેના દ્વારા સમાજસેવા થાય એવી જ કમાણીમાં વિશ્વાસ રાખતો બિનિશ અનુભવે કહે છે કે મારી પાસે બ્રિલિયન્ટ આઈડિયા છે, જેના દ્વારા હું એક રૂપિયો નાખીને દસ રૂપિયા કમાઈશ ક્યારેક, પણ કમાણી કરતાંય વધારે તો સોશિયલ ઈમ્પેક્ટ-સામાજિક બદલાવ ઊભો કરે એ જ ખરું *સ્ટાર્ટ-અપ* કહેવાય મારી દૃષ્ટિએ. બીજી તરફ, શરૂઆતથી ફક્ત નફાની ધારણાએ શરૂ કરવામાં આવેલાં *સ્ટાર્ટ-અપ્સ* ક્યારેક તો પછડાય જ.

*હમ્મ્... તો કેવી રીતે ચાલે છે બિનિશ દેસાઈનું ‘સ્ટાર્ટ-અપ’ આજે?*

બિનિશ કહે છે કે ભારતમાં ૪૩,૦૦૦ ઉદ્યોગ રોજ ૧૯,૦૦૦ ટન જેટલો ઔદ્યોગિક કચરો પેદા કરે છે, જેના ૧૦,૦૦૦ ખટારા ભરાય છે ને એ કચરો લૅન્ડફીલ્ડમાં નાખવામાં આવે છે. આવા ઘણા કચરાને ઉપયોગી ચીજોમાં પલટવાની ટેક્નોલૉજી પૂરી પાડીને હું રૉયલ્ટી મેળવું છું. અમારી ઈંટ સહિત તમામ પ્રોડક્ટ પોલ્યુશન કન્ટ્રોલ બૉર્ડે પ્રમાણિત કરેલા કચરામાંથી જ બનાવીએ છીએ એટલે એના વપરાશમાં હાનિ નથી. અમારી ઈંટ પર પ્લાસ્ટર, રંગ બધું કરી શકો. આ ઈંટ ૪૦ ટકા સસ્તી છે, પણ શહેરના કૉન્ટ્રાક્ટરો ૪૦ ટકાની બચતનો લાભ ગ્રાહકોને ન આપે એવી ખાતરી હોવાથી મેં ગ્રામીણ ક્ષેત્રમાં ટોઈલેટ બાંધવા પર ધ્યાન આપ્યું છે. પ્રિફેબ્રિકેટેડ ટોઈલેટ અડધા દિવસમાં લાભાર્થીના ઘરે ફિટ કરી શકાય છે.

એક વાર ત્રણ દીકરીની વિધવા મા એવી ગ્રામીણ મહિલાના ઘરે સરકારી ખર્ચે ટોઈલેટ બાંધવા ગયા ત્યારે પેલીએ સંભળાવ્યુંઃ *અરે, ઘરની જાળવણીના પૈસા નથી ત્યાં ટોઈલેટની જાળવણી કેવી રીતે કરીશ?*


એ દુઃખિયારીને સાંભળીને બિનિશને *માઈક્રો સોશિયલ એન્ટરપ્રાઈઝ* બનાવવાનો વિચાર આવ્યો, જ્યાં સ્ત્રીઓ ફાજલ સમયમાં આવે, કંઈક પ્રોડક્ટ



**તત્કાલીન મુખ્ય મંત્રી નરેન્દ્ર મોદીને બિનિશના કાર્યમાં રસ પડ્યો હતો તો બચ્ચનસાહેબે એનો ઈન્ટરવ્યૂ પણ લીધો!**








**ડૉક્ટરેટની સિદ્ધિ પછી બિનિશ દેસાઈ પર આવી રહ્યું છે આ પુસ્તક...**

બનાવે ને બે પૈસા કમાય. બિનિશે જુદા જુદા વેસ્ટમાંથી આઈફોન કવર, લૅમ્પ, ક્લૉક, વગેરે લક્ઝુરિયસ પ્રોડક્ટ બનાવી, જે અપર મિડલ ક્લાસ, સેલિબ્રિટીઝ, વગેરે હોંશે હોંશે ખરીદે અને કોઈ ગરીબને રોજગારી આપ્યાનો તથા કચરાના યોગ્ય નિકાલમાં સહભાગી થયાનો આનંદ પણ મેળવે. આવી હૅન્ડ મેડ આઈટેમ્સને યુનિક બનાવવા એના પર કારીગરના હાથની છાપ અંકિત કરાવવાનો બિનિશનો કીમિયો અત્યંત સફળ રહ્યો છે.

એ કહે છે:

'ધારો કે તમે આવો નાનો લૅમ્પ ખરીદો તો સાત કિલો વેસ્ટ ઉકરડે જતું બચે છે, જેનાથી ૧૫.૬ કિલો કાર્બન વાતાવરણમાં ઓછો ભળે છે. આવી પ્રોડક્ટ્સ ૯૦ ટકા રિસાઈકલેબલ છે. તમે જૂની ચીજો વાપરીને પાછી આપો તો અમે અડધા ભાવે નવી આઈટમ આપીએ.'

સિલ્વાસા ને સોનપાડા સહિત ત્રણેક ઠેકાણે બિનિશનાં મિની કારખાનાં ચાલે છે, જ્યાં સ્થાનિકો આવી ચીજવસ્તુ તૈયાર કરે છે.

*થોડા સમય બાદ લગ્નગ્રંથિથી જોડાનારા બિનિશની લગ્ન પછી છે કોઈ મોટી યોજના?*

વેલ, વધુ ને વધુ રોજગારનું સર્જન કરી શકાય એ માટે ભાવિ પત્ની પ્રીતિ કંપનીનાં કામકાજનો ચાર્જ સંભાળી લેશે તો બિનિશ શોધ-સંશોધનમાં વ્યસ્ત થઈ જશે. એ કહે છે:

'જયપુર ફૂટ જેવા કૃત્રિમ પગ એક ડૉલરથી ઓછા ભાવની કિંમતમાં બનાવી શકીએ એ માટે ટેસ્ટિંગ ચાલુ છે. વિદેશના સહભાગી એમાં જોડાયા છે. એ ઉપરાંત, તમે જાણો છો કે ચીન, અમેરિકા અને ફ્રાન્સમાં થ્રી-ડી પ્રિન્ટિંગની ટેક્નોલૉજી ઘણી આગળ વધી રહી છે. હું થ્રી-ડી પ્રિન્ટર વડે સાચકલાં ઘર બનાવવા માગું છું. ચકરી પાડવાનાં મશીન હોય એવી તોતિંગ ક્રેનવાળા થ્રી-ડી પ્રિન્ટરની ડાઈ બનાવવામાં મને રસ છે. એક વાર એમાં ઘરનો ફ્લોર પ્લાન ફીડ કરો અને રિસાઈકલ્ડ મટીરિયલ ભરો તો એ પ્રિન્ટર એક દિવસમાં ઘર બનાવી દે. અમારી ઈંટનાં ઘર કરતાં પણ થ્રી-ડી પ્રિન્ટરનાં ઘર વધુ સસ્તાં પડે એવી યોજના છે.'

આ યુવાન સંશોધક બિનિશ દેસાઈએ પોતાના વિઝન ૨૦૨૨ના લક્ષ્ય તરીકે બીજા ૧૦૦ પ્રકારના વેસ્ટ કે કચરાને યોગ્ય રીતે રિસાઈકલ કરવાની ચૅલેન્જ પોતાને જ આપી છે. પાન-બીડીના ગલ્લે ખાસ બૉક્સ મૂકીને વપરાયેલી સિગારેટ ભેગી કરીને એમાંથી પ્લાસ્ટિકના દાણા બનાવવાનીય યોજના ખરી. ઈલેક્ટ્રોનિક વેસ્ટ, કેમિકલ વેસ્ટ અને પ્લાસ્ટિક વેસ્ટને એણે હજી હાથ નથી લગાડ્યો, કારણ કે એમાં તો હજારો આન્ત્રપ્રેન્યૉર્સ છે.

બાયોટેક્નોલૉજીમાં સ્નાતક પછી *માસ્ટર્સ ઈન એન્વાયર્નમેન્ટલ સાયન્સ* અને માનદ *પીએચ.ડી.*ની ડિગ્રી ધરાવતા ડૉ. બિનિશ દેસાઈને ઈન્ડસ્ટ્રીના લોકો તો *રિસાઈકલમૅન ઑફ ઈન્ડિયા*ના નામથી ઓળખે જ છે. બિનિશના જીવન પરથી જાણીતા લેખક નિખિલ ચંદવાણીએ *ધ રિસાઈકલમૅન* નામનું પુસ્તક પણ લખ્યું છે, જે જાન્યુઆરીમાં પ્રકાશિત થશે. મજાની વાત તો એ કે આ પુસ્તકની પહેલી ૧૦૦ નકલ રિસાઈકલ્ડ મટીરિયલમાંથી બની હશે!

☐ પૂરક તસવીરોઃ **દીપક ધુરી**

feedback2samir@chitralekha.com